Sandesh (4655) 22-3-68

For NW Spec

# સ્વતંત્ર પક્ષ શિસ્ત ભંગના પગલાં નહિ ભરે

(સંદેશ ન્યુઝ સર્વિસ) નવીદિલ્હી, તા. ૨૧

રાજ્યસભાની બેઠક માટેની ચૂંટણીમાં સ્વતંત્ર પક્ષના સત્તાવાર ઉમેદવાર શ્રી બાબુભાઈ વૈદ્યને બદલે શ્રી યુ. એન મહીડાની તરફેણમાં ગુજરાત વિધાન સભાના સ્વતંત્ર પક્ષના ધારાસભ્યો મતદાન કરશે તો કેન્દ્રની સ્વતંત્ર પક્ષની નેતાગીરી તેઓની સામે શિસ્ત ભંગના પગલાં ભરશે નહિ એમ લાગે છે.

સ્વતંત્ર પક્ષના ગુજરાતના સંસદ સભ્યોએ કેન્દ્રના પક્ષના નેતાઓને જણાવ્યું હોવાનું જાણવા મળે છે કે ગુજરાત વિધાન સભાના સ્વતંત્ર પક્ષના ૫૦ જેટલા ધારાસભ્યો પક્ષના સત્તાવાર ઉમેદવારને બદલે શ્રી યુ.એન. મહીડાને મત આપનાર છે

શ્રી વૈદ્યને ભૂતકાળમાં આપેલ વચન પુરૂ કરવું જોઈએ એમ કેન્દ્રના સ્વતંત્ર પક્ષના આગેવાનો માને છે. પરંતુ પરિસ્થિતિ અનુરૂપ તેઓએ પીછેહઠ કરી હોય તેમ લાગે છે.

<u>New Delhi.</u>

It is believed that Central leadership of the Sw. P. will <u>not</u> take any disciplinary action against those Sw. P. M.L.A. who do not vote for Mr. Babubhai Vaidya and instead vote for Mr. U.N. Mahida.

It is reported that Sw. P.'s M.P.s from Gujarat have informed the Central leaders that about <u>50</u> Sw. P. M.L.As will vote for Mr. Mahida and not for the official candidate.

The Central leadership believes that past promises given to Mr. Vaidya should be ful filled. But looking at the way the events are taking shape, it seems that Central leaders are beating a retreat.